
પેજ 3

બોલિવૂડ સેલેબ્સે ધામધૂમથી કર્યું દિવાળી સેલિબ્રેશન









મુંબઈ, તા. ૯: બોલિવૂડના જાણીતા કલાકારોએ પોતપોતાના પરિવાર સાથે આ પ્રકાશના પર્વ દિવાળીની ધામધૂમથી ઉજવણી કરીને ચાહકો સાથે સોશિયલ મીડિયા પર તેની ખાસ ઝલક શેર કરી છે. અભિનેતા રણબીર કપૂર અને આલિયા ભટ્ટે તેમની દીકરી રાહા સાથે દિવાળીની ખાસ ઉજવણી કરી હતી. કપલે સૌપ્રથમ પોતાના નવા બનેલા 'કૃષ્ણ રાજ' બંગલાની બાલકનીમાંથી ચાહકોનું અભિવાદન ઝીલ્યું હતું. ત્યારબાદ પરિવાર સાથે ઘરમાં દીવા પ્રગટાવીને વિધિવત લક્ષ્મી પૂજન કર્યું હતું. લક્ષ્મી પૂજા દરમિયાન રાહા પિતા રણબીર કપૂર સાથે મેચિંગ ટ્વિનિંગ ટ્રેડિશનલ આઉટફિટમાં જોવા મળી હતી. આલિયાએ આ પાવન અવસરની ખૂબ જ સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. બચ્ચન પરિવારના નિવાસસ્થાન 'જલસા'માં પણ દિવાળીનો ઝળહળાટ જોવા મળ્યો હતો. શ્વેતા બચ્ચન નંદાની પુત્રી અને બિઝનેસવુમન નવ્યા નવેલી નંદાએ સોશિયલ મીડિયા પર પરિવારની ઉજવણીની ઈનસાઈડ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં અભિષેક બચ્ચન તેમની બહેન શ્વેતા નંદા સાથે જલસાના ગાર્ડનમાં ફુલઝડી અને ફટાકડા ફોડતા જોવા મળે છે. સૌથી વધુ ધ્યાન અભિષેક-ઐશ્વર્યાની પુત્રી આરાધ્યા બચ્ચન અને તેના કઝિન ભાઈ અગસ્ત્ય નંદાના બોન્ડિંગે ખેંચ્યું હતું. અગસ્ત્ય તેની બહેન આરાધ્યાને વહાલથી ભેટેલો નજરે પડે છે. આ તસવીરોમાં અનન્યા પાંડે પણ તેમની સાથે ઉજવણીમાં સામેલ થઈ હતી. જોકે, આ તસવીરોમાં અમિતાભ બચ્ચન, જયા બચ્ચન કે ઐશ્વર્યા રાય જોવા મળ્યા ન હતા. અભિનેત્રી કંગના રનૌતે પ્રખ્યાત ફેશન ડિઝાઇનર નીતા લુલ્લાના કલેક્શનની સાડી પહેરીને પરંપરાગત શૈલીમાં દિવાળી ઉજવી હતી. તેણે ઘરમાં દીવાઓ સજાવીને પૂજન કર્યું હતું અને ત્યારબાદ ફુલઝડી સળગાવીને મસ્તીભર્યા અંદાજમાં પોઝ આપ્યા હતા. બીજી તરફ, અક્ષય કુમારે દિવાળી પૂજા સમયે પોતાના સ્વર્ગસ્થ માતા-પિતાની તસવીરની આરતી ઉતારીને ભાવુક શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ઈશા દેઓલે ભૂતપૂર્વ પતિ સાથે દિવાળી પાર્ટીમાં આપી હાજરી

મુંબઈ, તા. ૯. આ વર્ષનો એવો સમય છે જ્યારે આપણા બોલીવુડના કલાકારો દિવાળી પાર્ટીઓ યોજવામાં અથવા તેમાં હાજરી આપવામાં વ્યસ્ત છે. મનીષ મલ્હોત્રાની ભવ્ય ગ્રેન્ડ પાર્ટી હોય કે પછી કલાકારો અને નિર્માતાઓ દ્વારા યોજાયેલી ઉજવણી હોય, સેલેબ્સ પોતાના શ્રેષ્ઠ તહેવારોના પોશાકમાં બહાર આવી રહ્યા છે. રવિવારે રાત્રે પણ મુંબઈમાં કેટલીક દિવાળી પાર્ટીઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિલ્પા શેટ્ટી, ઈશા દેઓલ, રાશા થડાણી, રકુલ પ્રીત સિંહ, અરબાઝ ખાન અને શુરા ખાન, સારા અલી ખાન, સૈફ અલી ખાન, કરીના કપૂર ખાન, સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ જેવા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

બુલેટ પ્રૂફ શીલ્ડ વિના અમિતાભ બચ્ચનનું સન્ડે દર્શન

મુંબઈ, તા. ૯ શનિવાર સાંજે મહાનાયક અમિતાભ બચ્ચનની તબિયત સાથે જોડાયેલા ચિંતાજનક સમાચાર સામે આવ્યા હતા. આમ છતાં, બિગ બી દર રવિવારની જેમ આ વખતે પણ રવિવારે ચાહકોને મળવા જલસા બહાર આવ્યા હતા. ગયા સપ્તાહે ધમકીઓ મળવા વચ્ચે મહાનાયક બુલેટ પ્રૂફ શીલ્ડની આડમાં ચાહકોને મળ્યા હતા, પરંતુ આ સપ્તાહે શીલ્ડ હટાવી દેવામાં આવી હતી. પુત્ર અભિષેક બચ્ચન પણ પાછળ સતર્ક ઊભેલા દેખાયા હતા. અમિતાભ બચ્ચનના મુંબઈ સ્થિત ઘર જલસાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. તેને કારણે ગયા રવિવારે અમિતાભ બચ્ચને એક બુલેટપ્રૂફ કાચની કેબિનની આડમાં સન્ડે દર્શન આપ્યા હતા.

સંસદનું ચોમાસુ સત્ર સૌથી લાંબા સમય સુધી સ્થગિત રહેવાનો રેકોર્ડ તૂટ્યો

13 ઓગસ્ટે ગૃહ મુલતવી રખાયા બાદ 88 દિવસ થઈ ગયા છે, હજુ સુધી ચોમાસુ સત્રની વિધિવત સમાપ્તિ કરાઈ નથી

ટૂંકી નોટિસ પર બેઠક બોલાવવાની અટકળો તેજ

નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): સંસદનું ચોમાસુ સત્ર 13 ઓગસ્ટે બંને ગૃહો અનિશ્ચિત મુદત માટે સ્થગિત થયા બાદ આજે 88 દિવસ પૂરા થવા છતાં વિધિવત રીતે સત્રાવસાન (સત્ર સમાપ્તિ) પામ્યું નથી. આ સાથે જ 2008માં નોંધાયેલા 87 દિવસના અગાઉના રેકોર્ડને તોડીને આ સંસદીય ઈતિહાસમાં સૌથી લાંબું અનપ્રરોગ્ડ (અસમાપ્ત) રહેલું સત્ર બની ગયું છે. સોમવાર સવાર સુધી લોકસભા કે રાજ્યસભાનું સત્રાવસાન કરવામાં આવ્યું નથી. સરકારના આ નિર્ણયથી મહિલા અનામત બિલના અમલીકરણ સાથે જોડાયેલા પ્રસ્તાવિત બંધારણીય સુધારા પર વિચારણા કરવા માટે ટૂંકી નોટિસ પર સત્ર લંબાવવાની અટકળો શરૂ થઈ છે. આ સુધારા હેઠળ સીમાંકન દ્વારા લોકસભાની બેઠકો 543 થી વધારીને મહત્તમ 850 સુધી કરવાનો પ્રસ્તાવ છે. હાલના સત્રની અંદર જ લંબાવેલી કે ખાસ બેઠક બોલાવવા માટે માત્ર 2 દિવસની નોટિસની જરૂર પડે છે, જ્યારે નવું સત્ર બોલાવવા માટે ઓછામાં ઓછી 14 દિવસની નોટિસ આપવી પડે છે.

રિયાધમાં સાઉદી અરામકોની સ્કાયસ્ક્રેપર ઈમારત મિસાઈલના કાટમાળથી ક્ષતિગ્રસ્ત

ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ દ્વારા છોડાયેલી મિસાઇલને એર ડિફેન્સે નિષ્ફળ બનાવી; કોઈ જાનહાની નહીં

રિયાધ, તા. 9: સાઉદી અરેબિયાની રાજધાની રિયાધના ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટમાં આવેલી વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની 'સાઉદી અરામકો'ની માલિકીની બહુમાળી ઈમારત મિસાઈલના કાટમાળથી ક્ષતિગ્રસ્ત થઈ છે. ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવેલા આ હવાઈ હુમલા બાદ 'વિલાસ ઈન ધ સ્કાય' તરીકે ઓળખાતી આ ઈમારતમાં ધુમાડાના ગોટા નીકળતા જોવા મળ્યા હતા. સાઉદી ઉર્જા મંત્રાલયના સત્તાવાર સ્ત્રોતે જણાવ્યું હતું કે સાઉદી એર ડિફેન્સ સિસ્ટમે વહેલી સવારે જ મિસાઈલને હવામાં તોડી પાડીને નિષ્ફળ બનાવી દીધી હતી. જોકે, તેનો કાટમાળ ટાવર પર પડતાં ઈમારતના કેટલાક માળના કાચ તૂટી ગયા હતા. આ હુમલામાં મર્યાદિત નુકસાન થયું છે અને કોઈ વ્યક્તિ ઘાયલ કે મૃત્યુ પામી નથી. મિસાઈલ આ ઈમારતને લક્ષ્ય કરીને છોડવામાં આવી હતી જોકે તેને વચ્ચે જ આંતરીને નષ્ટ કરવામાં આવી હતી. હુથી વિદ્રોહીઓએ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે, જ્યારે સાઉદી ગઠબંધને વળતી સૈન્ય કાર્યવાહી કરીને વિદ્રોહીઓના બે મિસાઈલ લોન્ચર નષ્ટ કરવાનો દાવો કર્યો છે.

રાવલપિંડીમાં પાકિસ્તાની ટીવી-એન્કરની ઘરમાં ગોળી મારીને હત્યા

ઈસ્લામાબાદઃ તા. 9. પાકિસ્તાનમાં એક મહિલા એન્કરની રાવલપિંડી સ્થિત તેમના ઘરમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આ મામલે પોલીસે તેમના પતિની અટકાયત કરી છે અને શંકાસ્પદ હથિયાર જપ્ત કર્યું છે. ડોન અખબારના અહેવાલ મુજબ, એક સ્થાનિક ખાનગી ટીવી ચેનલમાં એન્કર અને પ્રોગ્રામ હોસ્ટ તરીકે કામ કરતી રાબિયા એહસાન રવિવારે શહેરના ગુલશનાબાદ વિસ્તારમાં આવેલા તેમના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. સિટી પોલીસ ઓફિસર (સીપીઓ) હસન મુશ્તાક સુખેરાએ જણાવ્યું હતું કે, એહસાનના પતિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને શંકાસ્પદ હથિયાર જપ્ત કરવામાં આવ્યું છે. આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

ચીની શંકાસ્પદ જાસૂસ મહિલા સાથે ગાઢ સંબંધોની એનવીડિયાના વડાની કબૂલાત

સીઈઓ જેન્સન હુઆંગે આ કબૂલાત કરીને પત્ની અને બાળકોની માફી માગી

હુઆંગની આ કબૂલાત પછી એનવીડિયાના બોર્ડે તેમની સામે તપાસ શરૂ કરાવી



સાન ફ્રાન્સિસ્કો, તા. ૯: દુનિયાની અગ્રણી ચિપ કંપની એનવીડિયાના CEO જેન્સન હુઆંગે કબૂલાત કરી છે કે તેમનું એક ચીની મહિલા સાથે અફેર હતું. અમેરિકી ગુપ્તચર એજન્સીઓને શંકા છે કે આ મહિલા ચીન માટે જાસૂસી કરી રહી હતી અને તેણે હુઆંગ સાથે નિકટતા વધારીને તેમને લગતી મહત્વપૂર્ણ માહિતી ચીન સુધી પહોંચાડી હતી.

જેન્સન હુઆંગ પાસે અમેરિકા અને તાઈવાન બંનેની નાગરિકતા છે. જાસૂસીનો મામલો સામે આવ્યા બાદ એનવીડિયાના બોર્ડે હુઆંગ વિરુદ્ધ તપાસ શરૂ કરી દીધી છે. ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, હુઆંગે રવિવારે કંપનીના બોર્ડ સમક્ષ મહિલા સાથેના અફેરની વાત સ્વીકારી લીધી છે. તેમણે પત્ની અને બાળકોની માફી પણ માંગી છે. જેન્સન હુઆંગે કંપનીના કર્મચારીઓને લખેલા પત્રમાં કહ્યું કે મેં મારી પત્ની સાથે બેવફાઈ કરી છે. મારા આ પગલાથી તેમને અને બાળકોને દુઃખ પહોંચ્યું છે. મારી પાસે આનો કોઈ બચાવ નથી. મને તેનો અહેસાસ છે. દરમ્યાન, એનવીડિયાના બોર્ડે જણાવ્યું છે કે હજુ સુધી કંપનીની કોઈ ગુપ્ત માહિતી કે અમેરિકાની સુરક્ષા સાથે જોડાયેલી માહિતી લીક થયાનું જણાયું નથી. છતાં પણ મામલાની તપાસ માટે બહારથી એક વકીલની નિમણૂક કરવામાં આવશે. જેન્સન હુઆંગ તપાસમાં સહયોગ કરશે અને CEO પદે યથાવત રહેશે. કંપનીના બોર્ડે એ બાબતે તપાસ શરૂ કરાવી છે કે જેનસન હુઆંગ કોઇ વિદેશી ગુપ્તચર પ્રયાસોના લક્ષ્ય બન્યા હતા કે કેમ? અખબારી અહેવાલ મુજબ ચીની નાગરિક અને એનવીડિયાની ચીપ્સની ગ્રાહક મહિલા એલિસ હુઆંગ સાથે જેન્સનને ગાઢ સંબંધો હતા અને અમેરિકી ગુપ્તચર તંત્રને શંકા છે કે એલિસે અમેરિકામાં ચીન વતી જાસૂસી કરી છે.

ટ્રમ્પે હુઆંગના વખાણ કર્યા!

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે તેમણે હાલના ઘટનાક્રમ અંગે હુઆંગ સાથે વાત કરી નથી પરંતુ હુઆંગે અમેરિકા માટે અદભૂત કામ કર્યું છે. એમ જાણવા મળે છે કે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોની દેખરેખ હેઠળ આ વર્ષે એક ગુપ્ત અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે ચીનની ગુપ્તચર એજન્સીએ એલિસ હુઆંગને જેનસન હુઆંગની નજીક જવા માટે તૈયાર કરી હતી. ટ્રમ્પની ચીન મુલાકાતના થોડા સમય પહેલાં રુબિયોનો આ અહેવાલ અધિકારીઓને સોંપવામાં આવ્યો હતો. જો કે, આના પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

રેપ-મર્ડરનો આરોપી પોલીસ ફાયરિંગમાં ઠાર

ભાજપ સત્તામાં આવ્યા પછી બંગાળમાં ચોથો કિસ્સો

કોલકાતા, તા. 9. પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લામાં પોતાની 12 વર્ષની ભત્રીજી પર રેપ અને તેની હત્યા કરવાના આરોપી એક વ્યક્તિ સોમવારે વહેલી સવારે પોલીસ સાથેના ગોળીબારમાં માર્યો ગયો હતો. આરોપી દિલીપ રોયે રાયગંજના એક ગામમાં તેની ધરપકડ કરવા પહોંચેલી પોલીસ ટીમ પર કથિત રીતે ગોળીબાર કર્યો હતો. પોલીસે વળતો ગોળીબાર કર્યો હતો જેમાં આરોપી ઘાયલ થયો હતો. તેને રાયગંજ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. કુલિક નદી નજીકના જંગલમાંથી બાળકીનો નગ્ન અને અંશતઃ ક્ષીણ થઈ ગયેલો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસ છેલ્લા 4 દિવસથી રોયની શોધખોળ કરી રહી હતી.

વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ

ભરૂચ ડીસ્ટ્રીકટ હાંસોટ સબ ડીસ્ટ્રીકટ ના મોજેગામ શેરાના નવા બ્લોક/સર્વે નંબર ૧૧૮ (જુનો સર્વે નં. ૨૮૮) ખાતા નં. ૧૮૯ થી નોંધાયેલી જમીન જેનુ ક્ષેત્રફળ ૬૦,૮૭૨ ચો.મી. છે જેનો આકાર રૂા. ૪૪.૪૫ પૈસા વાળી જમીનના માલીક (૧) પ્રફુલચંદ્ર જમીયતરામ પંડયા (૨) જયદેવીબેન રાજેન્દ્રપ્રસાદ પટેલ તથા (૩) અવનીબેન તે રાજેન્દ્રપ્રસાદ પટેલની દિકરી તથા ધવલ પટેલની પત્નિ નાઓ પાસેથી અનામી ખરીદનાર તરફે વેચાણ અંગેની જાહેર નોટિસ ગુજરાત મીત્ર સમાચારપત્રમાં તા.૦૭/૧૧/૨૦૨૬ ના રોજ જફરૂલ્લા ટી. સૈયદ - દિપક એ.પાટીલ નાએ છપાવેલ છે. જે વેચાણ અંગેની જાહેર નોટીશનો જાહેર જવાબ આપી જણાવવાનુ કે ઉપર મુજબના જમીન માલીકોએ હમારા અસીલ પાસેથી કિંમતી અવેજ લઈ હમારા અસીલ સાથે સોદા ચીઠ્ઠી બનાવી નાણા લીધેલ છે તેમજ હમારા અસીલે મજકુર જમીન માલીકોને ત્રણ ચેકો પણ આપેલ છે જેથી આ જાહેરનોટિશ આપી જણાવવાનું કે મજકુર જમીન બાબતે હમારા અસીલની જાણ, સહિ-સંમતિ વિના (૧) પ્રફુલચંદ્ર જમીયતરામ પંડયા (૨) જયદેવીબેન રાજેન્દ્રપ્રસાદ પટેલ તથા (૩) અવનીબેન તે રાજેન્દ્રપ્રસાદ પટેલની દિકરી તથા ધવલ પટેલની પત્નિ નાઓ સાથે કોઈ પણ વ્યકિતએ કોઈ પણ જાતના વેચાણ કે અન્ય વ્યવહાર કરવા કરાવવા નહી અને જો કરશે તો તેઓને તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહી અને જેઓની સામે સિવીલ તથા ફોજદારી રાહે પગલા ભરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા.૧૦-૧૧-૨૦૨૬)

જતીનકુમાર બી. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
તથા પ્રજ્ઞેશકુમાર જી.રાઠોડ તથા યોગીતાકુમારી બી.પરમાર
તે મુન્નાભાઈ સેલાભાઈ ભરવાડના એડવોકેટસ
ઓફિસ : રત્ના કોમ્પલેક્ષ, એસ.ટી.બસ ડેપોની બાજુમાં, હાંથીસારોડ, ઓલપાડ.
રહે. પારડીઝાંખરી, તા. ઓલપાડ, જી. સુરત. મો. ૯૮૭૯૫૧૪૫૬૧

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીન SETUBANDH INFRA ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદારો (૧) શૈલેષ મનજીભાઈ કાછડીયા તથા (૨) લખાણી સંજયકુમાર ગભરૂભાઈની માલીકીની ચાલી આવેલી છે અને બેંક ઓફ બરોડાએ સદરહું જમીન લોન સવલત માટે તારણમાં લેવાનું નકકી કર્યુ છે.

ઉપરોકત હકીકતે સદરહુ જમીન બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો કે ચાર્જ બોજો લીયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી.

મુદત વિત્યે સદરહું જમીન કોઈ પણ જાતના ચાર્જ, બોજા કે લીયનમાં નથી તેવું માનવામાં આવશે અને બેંક મોર્ગેજ અંગેની તમામ કાર્યવાહી સંપુર્ણ કરશે. જેની છેવટની નોંધ લેવી.

જમીનની વિગત

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટીના શહેર સુરતમાં આવેલ વરીયાવી બજાર ધાસ્તીપુરા વિસ્તારમાં વોર્ડ નં.૭ ના નોંધ નં. ૧૨૬૭/૧ વાળી જમીન, જેનુ કુલ્લે ક્ષેત્રફળ ૫૫૪૨.૨૩ ચો.મી. જમીનમાંથી રોડ અલાઈન્મેન્ટમાં તથા રસ્તા અંગેની જમીનનું ક્ષેત્રફળ બાદ કરતા બાકી રહેતી જમીનનું ક્ષેત્રફળ ૪૮૯૭.૨૫ ચો.મી છે તે જમીન ઉપર "PALIA LIFESTYLE-1" નામના પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ છે તે જમીન દરોબસ્ત. જેની ચતુઃદિશા નીચે મુજબ છે.

ઉત્તરે : લાગુ ટી.પી.રોડ, દક્ષિણે : લાગુ નોંધ નં. ૧૨૬૭/૩, પુર્વે : લાગુ નોંધ નં. ૧૨૬૭/૨, પશ્ચિમેઃ લાગુ નોંધ નં. ૧૩૭૩

૫-૬, સિધ્ધી સમર્થ પાર્ક, ભુલકા ભવન સ્કુલ પાસે, અડાજણ, સુરત.

અજય રૂમેન્દ્રભાઈ મહેતા
એડવોકેટ એન્ડ નોટરી

મોજે : સીસોદ્રા(આરક), તા. જલાલપોર, જી. નવસારીના સર્વે નં.૪૯૯/૧, ૪૯૯/૨, ૫૧૭/૨, ૫૧૬ તથા ૫૧૭ પૈકી, જુનો બ્લોક/સર્વે નં. : ૪૬૨, રી-સર્વે બાદ નવો બ્લોક/સર્વે નં. : ૫૨૦ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ નવસારી, સબ-ડીસ્ટ્રીકટ જલાલપોરના **મોજે ગામ -સીસોદ્રા(આરક)**ના **સર્વે નં.૪૯૯/૧, ૪૯૯/૨, ૫૧૭/૨, ૫૧૬ તથા ૫૧૭ પૈકી,** જુનો બ્લોક/સર્વે નં. : ૪૬૨, રી સર્વે બાદ **નવો બ્લોક/સર્વે નં. : ૫૨૦,** કે જેનું સુમારે જરાયત ક્ષેત્રફળ હે. ૧-૦૫ આરે - ૬૧ ચો.મી. તથા કયારી ક્ષેત્રફળ હે. ૦-૭૬ આરે - ૮૯ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ હે.૧-૮૨ આરે - ૫૦ ચો.મી., આકાર રૂ. ૩૦.૨૦ પૈસા, **ખાતા નંબર : ૩૪૭** છે તે ખેતીની જુની શરતની જમીન તથા તેની અંદરના તથા બહારના લાગતા વળગતા તમામ હકકો, હદો સહિતની જમીન તેના માલીક **છીતુભાઈ કેશવભાઈ પટેલના**ઓએ પોતાની સંપૂર્ણ અને સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ જમીન હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોતહકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૧૦/૧૧/૨૦૨૬

હિતેશ જે. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૮૮
અમર બી. જરીવાલા એડવોકેટ મો. ૯૦૧૬૨૫૬૨૯૯
તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

અનુસંધાન... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

એક આંતરિક યાત્રા છે જેણે તેમના જીવનને ઘડ્યું છે. 'ધ ગાર્ડિયન' સાથેની તેમની વાતચીતની લિંક શેર કરતી વખતે તેમણે લખ્યું, "વર્ષો સુધી મેં આ યાદો મારી પાસે રાખી હતી. કેટલીક બોલવા માટે ખૂબ જ દુઃખદ હતી, તો કેટલીક ખૂબ જ કિંમતી હતી. 'બિલોંગિંગ'માં મેં આખરે તેને લખી લીધી છે." આ શબ્દો એક એવી મહિલાના ખાનગી જીવનની ઝલક છે જેનું જાહેર જીવન સમકાલીન ભારતીય રાજકારણના કેટલાક સૌથી નિર્ણાયક, અશાંત અને દુઃખદ પ્રકરણો સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે.

કેન્સરની દવાઓ સસ્તી થઈ

કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ મંત્રાલય હેઠળના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઓથોરિટી (એનપીપીએ) દ્વારા ઓક્ટોબરમાં 137 કેન્સર વિરોધી દવાઓ માટે એમઆરપી પર ટ્રેડ માર્જિન મર્યાદિત કર્યા પછી આ દવાઓની સુધારેલી કિંમતો 9 નવેમ્બરથી અમલમાં આવી છે. આજની તારીખ સુધીમાં 76 ફાર્માસ્યુટિકલ કંપનીઓએ 121 દવાઓને આવરી લેતી 1225 કેન્સર વિરોધી ફોર્મ્યુલેશન માટે સુધારેલ એમઆરપી જાહેર કરી છે. કેન્સર વિરોધી દવાઓની 1031 ફોર્મ્યુલેશનની એમઆરપીમાં ઘટાડો નોંધાયો છે, જેમાં 600 બ્રાન્ડ્સમાં 50 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે અને સૌથી વધુ ઘટાડો 96.45 ટકા સુધી થયો છે. વધુમાં, 137 નિર્ધારિત કેન્સર વિરોધી દવાઓમાંથી 10-15 દવાઓ એવી છે જે ભારતમાં લોન્ચ થવાની બાકી છે. જોકે, ટ્રેડ માર્જિન રેશનલાઇઝેશન (ટીએમઆર) આ દવાઓ પર પણ લાગુ થશે જ્યારે તે લોન્ચ થશે. 9 નવેમ્બરથી અમલમાં આવેલા ભાવ ઘટાડાના પરિણામે, ગ્રાહકોને વાર્ષિક અંદાજે રૂ. 3502.31 કરોડની બચત થશે. નોન-શેડ્યૂલ કેન્સર વિરોધી દવાઓ પર ટીએમઆરએ કેન્સરની સંભાળ માટે આવશ્યક કેન્સર વિરોધી દવાઓની પરવડે તેવી ક્ષમતા અને સુલભતામાં સુધારો કરવાના સરકારના સતત પ્રયાસોમાં લેવાયેલું એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

દિલ્હીમાં પાંચ...

નવેમ્બરે, 2022માં 24 ઓક્ટોબરે અને 2021માં 4 નવેમ્બરે હતી. દિવાળીના દિવસે સરેરાશ AQI 2025માં 345, 2024માં 328, 2023માં 218 અને 2022માં 312 રહ્યો હતો, જેની સરખામણીએ 2021માં 382 અને આ વર્ષે 376 નોંધાયો હતો. તહેવાર પછીના દિવસે પણ પ્રદૂષણનું સ્તર ઊંચું રહ્યું હતું. દિવાળી પછીના દિવસનો આખો દિવસનો સરેરાશ AQI 2025માં 351, 2024માં 338, 2023માં 360, 2022માં 302 અને 2021માં 462 હતો.

શેખ હસીનાની...

સંયુક્ત રાષ્ટ્રે આ હિંસામાં લગભગ 1,400 લોકો માર્યા ગયા હોવાનું જણાવ્યું હતું, જોકે હસીનાએ તમામ આરોપો નકારી ટ્રિબ્યુનલના ચુકાદાને પડકાર્યો છે.

હસીનાને સત્તા પરથી હટાવાયા બાદ કાર્યવાહક સરકારે ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજી હતી, જેમાં તેમની અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ મુકાયો હતો અને તારિક રહમાને ભવ્ય જીત મેળવી સત્તા સંભાળી હતી.

ભારત-પાકિસ્તાન...

પાડવામાં આવ્યા હતા. તેઓ યુદ્ધ માટે તૈયાર હતા. પાકિસ્તાનના વડા પ્રધાને કહ્યું હતું કે, 'ટ્રમ્પે 3-5 કરોડ (30-50 મિલિયન) લોકોના જીવ બચાવ્યા છે.' મેં ઘણા યુદ્ધો શાંતિથી ઉકેલ્યા છે.''

કેન્સરની 1,364...

હેલ્થ સર્વિસીઝ (DGHS) દ્વારા રચિત નિષ્ણાત સમિતિએ 17 ઓક્ટોબર 2026ના રોજ પોતાના ભલામણો સબમિટ કરી હતી. તેના આધારે, ફાર્માસ્યુટિકલ્સ વિભાગ હેઠળ કાર્યરત 'નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી' દ્વારા 137 કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિનની મર્યાદા નક્કી કરવામાં આવી હતી.

રસાયણ અને ખાતર મંત્રાલયના જણાવ્યા અનુસાર, 8 નવેમ્બર 2026 સુધીમાં દેશની 85 ફાર્માસ્યુટિકલ કંપનીઓએ 121 ડ્રગ્સ અંતર્ગત આવતી 1,364 એન્ટી-કેન્સર દવાઓની સુધારેલી કિંમતો જાહેર કરી દીધી છે. આ સુધારા હેઠળ ખાસ કરીને રાહતના સમાચાર એ છે કે 679 જેટલી બ્રાન્ડ્સના ભાવમાં 50 ટકાથી વધુનો તોતિંગ ઘટાડો નોંધાયો છે, જેમાં સૌથી વધુ કિંમત ઘટાડો 96.45 ટકા સુધીનો જોવા મળ્યો છે.

હવે કેમિસ્ટ શોપ કે હોસ્પિટલની ફાર્મસી વધુ કિંમત વસૂલી શકશે નહીં

સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈપણ કેમિસ્ટ શોપ કે હોસ્પિટલની ફાર્મસી હવે સુધારેલી MRP કરતાં વધુ કિંમત વસૂલી શકશે નહીં. ગ્રાહકો દવાઓની સાચી કિંમત જાણવા માટે પેકેટ પર છપાયેલી નવી કિંમત ચકાસી શકે છે અથવા 'ફાર્મા સહી દામ' મોબાઈલ એપ અને NPPAની સત્તાવાર વેબસાઇટ (nppa.gov.in)ની મદદ લઈ શકે છે. જો કોઈ ફાર્મસી વધુ નાણાં વસૂલે અથવા નિયમોનું ઉલ્લંઘન કરે, તો ગ્રાહકો 'ફાર્મા જન સમાધાન' પોર્ટલ પર અથવા NPPAની હેલ્પલાઇન નંબર 1800-111-255 પર પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.

આંકડા સાથે...

આરોપ લગાવ્યો હતો. બીજી બાજુ, દિલ્હી સરકારે આક્ષેપ કર્યો છે કે આપ શાસિત પાડોશી રાજ્ય પંજાબે કાવતરું કરીને દિવાળીના ટાણે પરાળ વધુ સળગાવીને દિલ્હીમાં પ્રદૂષણ વધાર્યું છે.

મારી ઇમિગ્રેશન...

અસંતોષ દર્શાવે છે. ટ્રમ્પે CBS ન્યૂઝના કાર્યક્રમ '60 મિનિટ્સ'માં પ્રશાસનની હકાલપટ્ટી નીતિ વિશેના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ''મને લાગે છે કે તે ખૂબ કઠોર હતી. મને લાગે છે કે કદાચ તે ખૂબ કઠોર હોઈ શકે છે.''

આ ઈન્ટરવ્યુ શુક્રવારે રેકોર્ડ કરવામાં આવ્યો હતો અને રવિવારે સાંજે પ્રસારિત કરવામાં આવ્યો હતો.

દિલ્હીમાં દિવાળીએ...

જેમાં સોનિયા વિહારમાં સૌથી ખરાબ ૪૬૩ AQI નોંધાયો હતો, ત્યારબાદ જહાંગીરપુરીમાં ૪૫૦ AQI હતો. રવિવારે શહેરનો સરેરાશ AQI ૩૭૯ પર સ્થિર થયો હતો. દિવાળીની રાત્રે ૧૦ વાગ્યે ડેટા રેકોર્ડ કરનારા ૫૯ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ૨૦ સ્ટેશન 'ગંભીર' શ્રેણીમાં, છ 'નબળી' શ્રેણીમાં અને બાકીના ૩૩ 'ખૂબ જ નબળી' શ્રેણીમાં હતા.

નવું વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવે એવી હાર્દિક શુભેચ્છા

અમૃત/ધરતી ધન સ્ટોન ક્વૉરી — મુ.પો-ઝાબ, તા-માંડવી- અરેઠ, જિ-સુરત.
વિજય સ્ટોન ક્વૉરી — મુ.પો-ઝાબ, તા-માંડવી- અરેઠ, જિ-સુરત.
લક્ષ્મી ક્વૉરી વર્ક — મુ.પો-ઉટેવા, તા. માંડવી- અરેઠ, જિ-સુરત.
કર્મયોગી સ્ટોન ક્વૉરી — મુ.પો - ચુડેલ, તા. માંડવી- અરેઠ, જિ - સુરત.
વનરાજ/લક્ષ્મી સ્ટોન ક્વૉરી — મુ.પો-અરેઠ, તા.-માંડવી-અરેઠ, જિ.- સુરત.
ગીરીરાજ સ્ટોન ક્વૉરી — મુ.પો-અરેઠ, તા-માંડવી- અરેઠ, જિ-સુરત.
પદમા સ્ટોન ક્વૉરી — મુ.પો. ઉટેવા, તા.-માંડવી- અરેઠ, જિ.સુરત.
શ્રી સાંઈ સ્ટોન ક્વૉરી — A/24, પી.એન. પાર્ક સોસાયટી,મુ.પો. માંડવી- અરેઠ, જિ-સુરત
રોયલ સ્ટોન ક્વૉરી — મુ.પો-ચુડેલ, તા-માંડવી- અરેઠ, જિ-સુરત.
RAJ STONE QUARRY — AT&PO-ARETH, BLOCK NO-14/2, TA: MANDVI- ARETH, DIST-SURAT.
વિજય સ્ટોન ક્વૉરી — મુ.પો-ઉટેવા, તા-માંડવી- અરેઠ, જિ-સુરત.
Maharshi Stone Quarry — Block No. 203, At. Borigada, Ta. Mandvi- ARETH Dist Surat.
ન્યુ કલાપી સ્ટોન ક્વૉરી — મુ.પો. બોરીગાળા, તા.માંડવી- અરેઠ, જિ. સુરત
શ્રી ઉમિયા અન્નપૂર્ણા સ્ટોન ઈન્ડસ્ટ્રીયલ — મું.પો. ઝાબ, તા. માંડવી- અરેઠ, જિ. સુરત.
શિવ સ્ટોન ઈન્ડસ્ટ્રી — મુ.પો. પાતલ, તા. માંડવી- અરેઠ, જિ. સુરત.
બાલાજી સ્ટોન ક્વૉરી — મુ.પો. કસાલ, તા.માંડવી- અરેઠ, જિ. સુરત
અંબિકા સ્ટોન ક્વૉરી — મુ.પો. ટીટોઈ, તા.માંડવી- અરેઠ, જિ. સુરત

ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ,વલસાડ.

વહીવટી કચેરીઃ-"સહકાર સદન", કચેરી રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ફોન નં (૦૨૬૩૨) ૨૪૧૪૨૪,૨૪૮૭૨૫, ફેક્સ નં. ૨૨૨૨૨૦
Email : ceo@vdc.bank.in • Website: vdc.bank.in.

ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લિમિટેડ
તમામ ગ્રાહકો અને જાહેર જનતાને દિવાળીની હાર્દિક શુભેચ્છા તેમજ નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.
તા.૩૦/૦૯/૨૦૨૬ના રોજની બેંકની નાણાંકીય સ્થિતિ
* શેર ભંડોળ: ૧૧૬૫.૯૭ લાખ, * રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો : ૧૦૨૧૭.૦૬ લાખ,
* થાપણો: ૧૦૪૩૮૦.૮૯ લાખ, * ધિરાણ: ૫૫૯૦૯.૭૬ લાખ, * ગ્રોસ નફો: ૧૦૬૯.૨૮ લાખ,
આ બેંક વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની જનતા માટે સહર્ષ બેકીંગ સેવાઓ રજુ કરી આપ સૌની ભાગીદારી સાથે ભારત સરકારના "સહકાર થી સમૃદ્ધિ'"ના સંકલ્પને સાકાર કરવા માટે કટીબધ્ધ છે.
- બેંક દ્વારા RTGS, NEFT, Internet Banking,Mobile Banking, Rupay Debit Card, Rupay KCC Card, IMPS, UPI, BBPS વિગેરે સુવિધા ઉપલબ્ધ કરાવાય છે.
- બેંક દ્વારા બચત થાપણો, રીકરીંગ થાપણો, કાયમી થાપણો આકર્ષક વ્યાજદરે સ્વીકારવામાં આવે છે.
- રૂા.પાંચ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષિત છે જેનું પ્રિમીયમ બેંક નિયમિત ભરપાઇ કરે છે.
- બેંકના તમામ ખાતેદારોને વિના મુલ્યે રૂા.૧ લાખનું અકસ્માત વીમા કવચ આપવામાં આવે છે.
- ખેડૂતો અને પશુપાલકો માટે KCC, KCC(પશુપાલન)ની સગવડ ૦ % વ્યાજદરે અસરકારક ઉપલબ્ધ છે.
- મુદ્દતી ધિરાણો, સરકારશ્રીની સહાયવાળી બૅંકેબલ લોન, કૃષિ સાધનો, યંત્રો, ટ્રેકટર, સોલાર પંપ, સોલાર રૂફટોપ તથા જમીનના વિકાસ માટેની લોન સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.
- મકાન લોન, વાહન લોનમાં જામીનો વિના આકર્ષક વ્યાજદરથી લોન ની સુવિધા.
- ઉચ્ચતર અભ્યાસ માટે લોન, મિલ્કત સામે ધિરાણ, વગેરે તમામ પ્રકારના બિન કૃષિ વિષયક ધિરાણ ઉપલબ્ધ કરાવાય છે.
- ખેડૂતો,પશુપાલકો,વેપારીઓ,સહકારી સંસ્થાઓના તેમજ અન્ય કર્મચારીઓ,શિક્ષકો વિગેરે માટે આકર્ષક સરલ કેશ કેડીટ તથા સરલ લોનની સુવિધા.
- લોનની પ્રોડેકટમાં કોઇપણ છુપા ચાર્જ વિના સરળતાથી લોનની સુવિધા મેળવવા માટે અમારી નજીકની શાખાઓનો સંપર્ક કરો.

ભારત સરકારના "સહકારથી સમૃધ્ધિ"ના સંકલ્પને સાકાર કરવા ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક કટિબધ્ધ છે. અને બેંક દ્વારા સહકારી સંસ્થાના સભાસદોને/ડીપોઝીટરોને ઘર આંગણે માઇક્રો એ.ટી.એમ. દ્વારા ૨૪×૭ બેંકીંગ સુવિધા બેંક મિત્ર ધ્વારા ઉપલબ્ધ કરાવે છે.

શ્રી લાલજીભાઈ એસ.પટેલ, ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર — શ્રી ગોવિંદભાઈ ટી.પટેલ, વાઇસ ચેરમેનશ્રી — શ્રી જયંતિભાઈ યુ.પટેલ, ચેરમેનશ્રી — તથા બોર્ડ ઓફ ડીરેકટર્સશ્રીઓ

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વસુધારા ડેરી, આલીપુર સૌને અમારા નૂતન વર્ષાભિનંદન

➤વસુધારા ડેરી સંયોજિત મંડળીઓના પ્રમુખશ્રીઓ, કમિટિ સભ્યો, દૂધ ઉત્પાદક બહેનો અને ભાઈઓ
➤વસુધારા ડેરીના "અમૂલ" અને "વસુધારા'" બ્રાન્ડના ઉત્પાદનોના ઉપભોગકર્તા અમારા માનવંતા ગ્રાહકો
➤અમૂલ દૂધના ડીસ્ટ્રીબ્યુટરો અને એજન્ટો
➤વસુધારા ડેરીના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરો અને સપ્લાયરો
➤વસુધારા ડેરીના શુભચિંતકો
➤વસુધારા ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ અને કામદારો

આવનારા વર્ષમાં વિકાસની ગતિને વણથંભી રાખવા માટે આપણે વધુ કટિબધ્ધ બની "સહકારી પ્રવૃતિ થકી જ સર્વેનું કલ્યાણ"ના મંત્રને અનુસરી ઉત્તરોત્તર દૂધ ઉત્પાદનમાં વધારો કરી, વસુધારા ડેરીના દૂધ અને દૂધના ઉત્પાદનોનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખો, તેમજ બજારની તીવ્ર હરિફાઈના પડકારને સહુના સહિયારા પુરુષાર્થથી સામનો કરવાનો નવા વર્ષના મંગળ પ્રભાતે આપણે સહુ સંકલ્પ કરીએ. નૂતન વર્ષ આપ સર્વેને સુખ-સમૃધ્ધિ આપનારું બની રહે તેવી હાર્દિક શુભેચ્છા.

"વસુધારા ડેરી" પરિવાર

વેચાણ અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ તરફે આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે દેહુરભાઈ નારણભાઈ શીયાળીયા (ભરવાડ) સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસી શહેર સુરતના મોજે ગામ સચીનનાં બ્લોક નં.૪૧૮ વાળી અંદાજે ૨૭૧૧૪ ચોરસ મીટર વાળી બિનખેતીની જમીન પર આયોજીત અંબિકાનગર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ નામની રજી.નં.ઘ-૧૦૨૩૧ થી તા.૧૩/૦૩/૧૯૮૩ ના રોજ રજીસ્ટર્ડ થયેલ સોસાયટીમાં આયોજીત પ્લોટો પૈકી (૧) પ્લોટ નંબર : એ/૨૫૪ કે જેનું ક્ષેત્રફળ ૨૦X૫૦=૧૦૦૦ ચો.ફુટ યાને ૯૨.૯૩ ચોરસ મીટર વાળી મિલકત (૨) પ્લોટ નંબર : એ/૨૫૪/૧ કે જેનું ક્ષેત્રફળ ૨૦X૪૫=૯૦૦ ચો.ફુટ યાને ૮૩.૬૪ ચોરસ મીટર વાળી મિલકત (૩) પ્લોટ નંબર : એ/૨૫૪/૨ કે જેનું ક્ષેત્રફળ ૫૯.૪૭ ચો.મી. છે તથા લાગુ માર્જીનનુ ક્ષેત્રફળ ૨૦.૯૧ ચો.મી. છે જે બંને મળીને કુલ ક્ષેત્રફળ ૮૦.૩૮ ચોરસ મીટર વાળી મિલકત તે તમામ ખુલ્લા પ્લોટો વાળી મિલકત તેના હાલમાં માલિકો (૧) દિનેશકુમાર બાપુલાલ બ્રહમભટ્ટ (૨) ધવલકુમાર દિનેશભાઈ બ્રહમભટ્ટ પાસેથી ખરીદ કરવા માંગે છે. ઉપરોકત દેહુરભાઈ નારણભાઈ શીયાળીયા (ભરવાડ) સદરહુ મિલકત ખરીદ કરે તેની સામે જો કોઈને કોઈપણ જાતના વાંધા કે વિરોધ હોય અથવા સદરહુ મિલકત ઉપર કોઈ ઈસમનો, બેંક્નો,સરકારી, અર્ધસરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈ નો કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત,હિસ્સો, કબજો ભોગવટો, બોજા યા ચાર્જ હોય તો તેમને પોતાના વાંધા આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં લેખિત પુરાવાની નકલો સહીત અમોને નોંધાવવા. જો તેમ કરવામાં કસુર થશે તો લાગતા વળગતા તમામે સદરહુ મિલકતમાં નો પોતાનો હકક હિસ્સો જતો કર્યો છે તેમ માનીને અમારા અસીલ યાને સદરહુ જમીનના ખરીદ કરનારનો સદરહુ જમીન ઉપર પ્રથમ ચાર્જ રહેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે સહી. તારીખઃ- ૧૦/૧૧/૨૦૨૬

(હિરેન એ. રાણા) (હાર્દિક ડી. મહેતા)
એડવોકેટ્સ
ઓફીસ : ચોથો માળ, રૂંગટા શોપીંગ સેન્ટર, વી.આઈ.પી. રોડ, સુરત. મો. નં. : 8460279878,9016668303